ગુજરાતનો મહાસંગ્રામ 2012

ગુજરાત પરિવર્તન પાર્ટી સાથે સદ્‌ભાવના મંચ જોડાણ કરશે

સદ્‌ભાવના મંચના કનુભાઇ કલસરિયા જીપીપીના અધ્યક્ષ કેશુભાઇ પટેલને મળીને નવી વ્યૂહરચના ઉપર ચર્ચા કરી

અમદાવાદ, તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત પરિવર્તન પાર્ટી અને સદભાવના મંચ વચ્ચે ગઠબંધન થાય એવી શક્યતા છે. સદભાવના મંચના પ્રમુખ અને ધારાસભ્ય ડો. કનુભાઈ કલસરિયા આજે જીપીપીના અધ્યક્ષ કેશુભાઈ પટેલને મળવા માટે તેમના નિવાસસ્થાને ગયા હતા. બંને નેતાઓ વચ્ચે ચંટણીલક્ષી મહત્વની ચર્ચાઓ થઈ હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપના ધારાસભ્ય ડો. કનુભાઈ કલસરિયાએ ભાજપની સામે જ નારાજ થઈને સદભાવના મંચની સ્થાપના કરી ચૂંટણીમાં ઝંપલાવવાનો નિર્ધાર કર્યો હતો. ડો. કનુભાઈ કલસરિયાનું ભાવનગર જિલ્લાની પાંચ બેઠકો પર પ્રભુત્વ છે. સદભાવના મંચ જિલ્લાની પાંચ બેઠકો પર તેમના ઉમેદવારો ઊભા રાખવા માંગે છે. આ સંદર્ભે ગુજરાત પરિવર્તન પાર્ટી સાથે ગઠબંધન કરવા માટે ડો. કલસરિયા આજે ગાંધીનગરમાં કેશુભાઈ પટેલને મળ્યા હતા. બન્ને અગ્રણીઓ વચ્ચે મહત્વની ચર્ચાઓ થઈ હતી. જીપીપીના મહામંત્રી ગોરધન ઝડફિયા ગારીયાધારની બેઠક પરથી ચૂંટણી લડવા માગતા નથી. ઝડફિયા બાપુનગર, સુરત કે સૌરાષ્ટ્રની સેઈફ બેઠખ પસંદ કરે તેવી શક્યતા છે. આથી ગારીયાધારની બેઠક સદભાવના મંચને આપીને આ બેઠક પરથી ડો. કનુભાઈ કલસરિયા ચૂંટણી લડે તેવી શક્યતા છે. ડો. કલસરિયા ભાવનગર જિલ્લાની પાંચ બેઠકો પર જ જીપીપી સાથે ગઠબંધન કરવાનું વિચારી રહ્યા છે. અને એટલા માટે જ આજે તેમણે કેશુભાઈ પટેલની મુલાકાત લીધી હતી.

ગુજરામાં વિધાનસભાની ચૂંટણી નજીક આવતા પાર્ટી ઓફિસમાં ચૂંટણી સાહિત્ય પણ પહોંચી રહ્યુ છે. પક્ષ સાથે સંબંધિત સાહિત્યના વેચાણ માટેના સ્ટોલ પર લાગી ગયા છે.

મોદીનું થ્રી ડાયમેન્સન એટલે દુઃખ, દર્દ, દુદર્શાનું શાસન છે : કેશુભાઈ પટેલ

અમદાવાદ, તા. ૧૯

ગુજરાતની પ્રજાએ એક દાયકાથી મોદીનુંથ્રી ડાયમેન્સન શાસન તો જોયું જ છે, મોદીના શાસનના ત્રણ 'ડી' એટલે ગુજરાતને દુઃખ, દર્દ અને દુર્દશા આપનારૂ શાસન, મોદીનુંશાસન એટલે દંભ, દેખાડા અને ડરનુંશાસન. ગુજરાતની પ્રજા સમજી લે કે જે માણસ ચૂંટણી સમયે પણ તમને રૂબરૂ મળતો નતી એ ચૂંટાઈ જાય તો તમારી પીડા સાંભળવા ઊભો રહેશે ખરો ? તેમ ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલે આજે તેમના બ્લોગ પર જણાવ્યું હતું. તેમણે પોતાના બ્લોગ પર વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજા સમજી લે કે વાયબ્રન્ટ ઉત્સવોમાં થતી આતશબાજી પ્રજાના પૈસાનો ધુમાડો જ હોય છે એમ થ્રી ડી તમાશો પણ પ્રજાના ખર્ચે અને જોખમે છે. વેપારીઓને તથા આમ પ્રજાને દબાવી, ધમકાવીને રૂપિયા ૫૦૦ કરોડની ખંડણી ભાજપે ઉઘરાવી છે તે હવે બહાર આવી રહી છે. માત્ર એક શો યોજવાનો ખર્ચ રૂપિયા ૬૬ કરોડ છે. તથા કુલ ૩૦૦ કરોડના ખર્ચે આ નાટકબાજી થવાની છે જે રાજ્યમાં ૩૧ ટકા લોકો ગરીબ હોય એ રાજ્યના મુખ્યમંત્રી આવા ખર્ચાળ તમાશા કરે તે ગરીબ અને મધ્યમવર્ગની મોટી મજાક છે.

ભાજપ સરકારે કયા વચન ન પાળ્યાં

અમદાવાદ,તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે ખૂબ ઓછા દિવસ રહ્યા છે અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ દ્વારા ચૂંટણી ઢંઢેરો જારી કરવાની તૈયારી પણ કરી લેવામાં આવી છે ત્યારે વર્ષ ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણી પહેલા જારી કરવામાં આવેલા ચૂંટણી ઢંઢેરામાં નરેન્દ્ર મોદીએ ગુજરાતી લોકોને કેટલાક વચનો આપ્યા હતા જે હજુ સુધી પૂરા થયા નથી. એક અગ્રણી અંગ્રેજી અખબારે વર્ષ ૨૦૦૭માં આપેલા વચનો પૈકી કયા વચનો હજુ પૂરા થયા નથી તે અંગેની વાત કરી હતી. કયા વચનો પરિપૂર્ણ થઈ શક્યા નથી તે મુખ્ય વચનો નીચે મુજબ છે.

૧. સરદાર સરોવર પ્રોજેક્ટ

નર્મદા બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર ઉપર અટવાઈ પડી છે. ડિસેમ્બર ૨૦૦૬ બાદથી ૧૩૮.૬૪ મીટરની ઊંચાઈના વચન સામે ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ અટવાયેલી છે. જુદા જુદા કારણો આના માટે આપવામાં આવ્યા છે. પડોશી રાજ્યોમાં પુનઃ વસવાટની પ્રક્રિયામાં ધીમી ગતિ પણ આને માટે કારણરૂપ છે. અલબત્ત મુખ્ય કેનાલ તૈયાર છે. માત્ર ૪૦ ટકા નાની કેનાલો અને ૨૫ ટકા પેટા નાની કેનાલોનું કામ પરિપૂર્ણ થઈ શક્યું છે. તાજેતરમાં જ મૂકવામાં આવેલા અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે સરદાર સરોવર પ્રોજેક્ટ ૨૦૧૭ સુધી પૂર્ણ થશે. આ પ્રોજેક્ટને ૨૦૧૦ સુધી પૂર્ણ કરવાનું વચન અપાયો હતો.

૨. કૃષિ માટે વીજ પુરવઠો

કૃષિ માટે પેન્ડીંગ વીજ પુરવઠો હજુ પણ સમસ્યા બનેલી છે. પાવર કનેક્શન અથવા તો વીજળીના જોડાણ આપવા માટેની ત્રણ લાખથી વધુ અરજીઓ હજુ પણ પેન્ડીંગ છે. આ તમામ પેન્ડીંગ અરજીઓનો નિકાલ આવી શક્યો નથી. આ ઉપરાંત રાજ્ય સરકારે વીજ પુરવઠો આઠ કલાકથી વધારીને ૧૪ કલાક કરવાનું વચન પણ પાળ્યું નથી. આ વર્ષે બીજી ઓગસ્ટે મોદી સરકારે ડાર્ક જોન-૫૭ તાલુકામાં એક લાખ વીજ કનેક્શન આપવાનું વચન આપ્યું હતું.

૩. નર્મદા આધારિત પાણી પ્રોજેક્ટ

નર્મદા આધારિત પીવાના પાણીના પ્રોજેક્ટ મામલે પણ ઘણી બાબત અધૂરી રહી ગઈ છે. ૯૬૩૩ ગામોના લક્ષ્યાંક સામે માત્ર ૭૦૭૧ ગામોમાં જ નર્મદા આધારિત પીવાના પાણીનો પુરવઠો મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના ગામોમાં નર્મદા પાણી પુરવઠો હજુ પણ ચિંતાજનક છે. લક્ષ્ય નક્કી કરવામાં આવેલા ૪૫૦૦ પાણી પુરવઠા કો ઓપરેટિવ સોસાયટી સામે માત્ર ૧૬૦૦ની જ રચના કરવામાં આવી છે. ઘણી હજુ પણ કાગળ ઉપર છે.

૪. ગ્રામીણ ગુજરાતમાંથી ગરીબી નાબૂદી

એપ્રિલ ૨૦૦૦માં ૨૩.૨૯ લાખ બીપીએલ પરિવાર હતા. જુલાઈ ૨૦૧૨માં આ સંખ્યા વધીને ૩૦.૪૯ લાખ થઈ ગઈ છે. રાજ્ય ગ્રામીણ વિકાસ કમીશનરના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. સાત લાખ પરિવારોનો વધારો થયો છે. આવી જ રીતે શહેરી વિસ્તારોમાં ૯.૧૭ લાખ બીપીએલ પરિવારો છે. તમામ બીપીએલ પરિવારનોની સ્થિતિને સુધારવા અને ગ્રામીણ ગુજરાતમાંથી ગરીબીને નાબૂદ કરવામાં સંપૂર્ણ સફળતા મળી નથી.

૫. દર વર્ષે બે લાખ મકાન

દર વર્ષે ઘર વગરના લોકો માટે બે લાખ મકાનો બનાવવામાં આવશે તેવા વચન સામે સરકારે દર વર્ષે માત્ર ૧૦,૦૦૦ ઘર બનાવ્યા છે. રાજ્યના ગ્રામીણ હાઉસીંગ ડેવલોપમેન્ટ કોર્પોરેશન નિષ્ક્રિય સ્થિતિમાં છે. ઈન્દીરા આવાસ અને જેએનએનયુઆરએમ જેવી કેન્દ્ર દ્વારા પ્રાયોજિત સ્કીમમાં જ પ્રગતિ કરી છે.

૬.ભૃણ હત્યા રોકવાની દિશામાં

૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં સેક્સ રેશિયો પ્રતિ ૧૦૦૦ પુરુષોમાં ૯૧૮ મહિલાઓ છે. આ પરિસ્થિતિ ઉત્તર ગુજરાતમાં ચોક્કસ સમુદાયમાં વધારે ચિંતાજનક છે. આ ભૃણહત્યાઓને રોકવામાં સંપૂર્ણ સફળતા હાથ લાગી નથી.

૭. એમએમઆર દર

મોદી સરકારે ૨૦૦૭માં ચૂંટણી ઢંઢેરામાં વચન આપ્યું હતું કે પ્રતિ ૧૦૦૦ મહિલાઓમાં ૫૦થી પણ નીચે એમએમઆરને લઈ જવામાં આવશે. પરંતુ આમા સફળતા મળી નથી. ૨૦૧૨માં ૧૪૮ના એમએમઆર સાથે ગુજરાત દેશભરમાં છઠ્ઠા સ્થાને છે. આદિવાસી વિસ્તારોમાં એમએમઆર વધુ ઊંચી સપાટી ઉપર છે. કારણ કે આરોગ્યની નબળી સુવિધા છે.

૮. પોષાય તેવા મકાનની પોલીસી

કોંગ્રેસે લોકપ્રિય ઘરનું ઘર સ્કીમ જાહેર કર્યા બાદ ગુજરાત સરકારે ગુજરાત હાઉસીંગ બોર્ડને ફરી સજીવન કર્યો હતો. રાજ્યએ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના હેતુસર આની જાહેરાત કરી હતી પરંતુ હજુ કોઈ વધારે પ્રગતિ થઈ નથી.

૯. દરેક જિલ્લામાં સેઇઝ

દરેક જિલ્લામાં સેઈઝ અને નવા સેઈઝ ડેવલોપમેન્ટ વિભાગની વાત કરવામાં આવી હતી પરંતુ આવા વિભાગની રચના હજુ કરવામાં આવી નથી. ગુજરાત સેઈઝ એક્ટ ૨૦૦૪માં અમલી બન્યા બાદથી તેમાં કોઈ વધારે સ્થિતિમાં સુધાર થયો નથી. ૨૦૦૪ બાદથી જીઓજી અને જીઓએલ દ્વારા ૬૦ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે જે પૈકી માત્ર ૧૩ સેઈજ ઓપરેશનલ સ્થિતિમાં છે. ઘણા ડેવલોપર્સ પીછે હટ કરી ગયા છે.

૧૦. તમામ શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં વીજળી

૨૦૧૧ના વસ્તી ગણતરીના આંકડા દર્શાવે છે કે ૧૧ લાખ આવાસમાં રાજ્યમાં હજુ પણ અંધારપટની સ્થિતિ છે જે પૈકી નવ લાખ આવાસ ગ્રામીણ વિસ્તારમાં છે. રાજ્યની જ્યોતિગ્રામમાં ઘણા બધા દાવા કરવામાં આવ્યા છે.

આજે બીજા દિવસે નવ ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૧૯

ભારતનાં ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર પ્રથમ તબક્કામાં કુલ ૮૭ બેઠકો માટે આજ રોજ તા. ૧૮-૧૧-૨૦૧૨ને બીજા દિવસે નીચે મુજબના ઉમેદવારો તરફથી ચૂંટણી અધિકારી પાસે ઉમેદવારી પત્રો રજુ થયા છે.

ઉમેદવારનું નામ	પક્ષ	વિધાનસભા મતવિભાગ
સુભાનભાઈ પોપટભાઈ મુલતાની	અપક્ષ	૬૫-મોરબી
જોગરાજીયા સુરેશભાઈ મેરામભાઈ	અપક્ષ	૭૨-જસદણ
ચોટલીયા ધીરૂભાઈ હીરજીભાઈ	અપક્ષ	૮૭-વિસાવદર
ભટ્ટ દિનેશભાઈ મનસુખભાઈ	અપક્ષ	૮૭-વિસાવદર
રાજાભાઈ પરબતભાઈ પરમાર	બસપા	૯૦-સોમનાથ
ડાકી જયસુખલાલ જાદવભાઈ	અપક્ષ	૯૧-તલાલા
નારોલા હિતેશભાઈ મગનભાઈ	અપક્ષ	૯૬-લાઠી
યાદવ રવિન્દ્રભાઈ મનસુખભાઈ	અપક્ષ	૯૭-સાવરકુંડલા
પંડ્યા દિપકભાઈ કાળાભાઈ	અપક્ષ	૧૦૦-તળાજા

તા. ૧૭-૧૧-૨૦૧૨ના રોજ પ્રથમ દિવસે ત્રણ ઉમેદવારી પત્રો રજુ થયા હતાં. જ્યારે આજના કુલ : નવ (૯) ઉમેદવારી પત્રો સાથે અત્યાર સુધી કુલ - બાર (૧૨) ઉમેદવારી પત્રો રજુ થયા છે. ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ તા. ૨૪-૧૧-૨૦૧૨ નિયત થયેલ છે.

કોંગ્રેસના ગઢની છ બેઠકો એનસીપીએ માગતાં વિવાદ

એનસીપીના નેતાઓ કોંગ્રેસને સમજાવી રહ્યા છે : એનસીપીએ બાપુનગર, ઉમરેઠ, કુતિયાણા, ગોંડલ વાવ અને લીંબાયતની બેઠકો માગતા કોંગ્રેસે સ્પષ્ટ ઈન્કાર કર્યો

અમદાવાદ, તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને એનસીપી વચ્ચે જોડાણના મુદ્દે મડાગાંઠ સર્જાઈ છે. અને આજે એનસીપીએ અડધો ડઝન બેઠકો પોતાને મળે એવો આગ્રહ રાખ્યો છે જેમાં બાપુનગર, વાવ, લીબાયત, ગોંડલ, કુતિયાણા અને ગોંડલની બેઠકોની માગણી એનસીપી કરી રહ્યું છે જે કોંગ્રેસને મંજૂર નથી તેમ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે એનસીપી સાથે નવ બેઠકો માટે ગઠબંધન કર્યુ હતું. જેમાં એનસીપીના ત્રણ ધારાસભ્યો જ ચૂંટાયા હતા. ત્રણ ધારાસભ્યોમાંથી દેવગઢબારિયાના ધારાસભ્ય તુષારસિંહ ભાજપમાં જતા રહ્યા છે જ્યારે બીજા ધારાસભ્ય જે ગોંડલની બેઠક પરથી ચૂંટાયા હતા તે ચંદુભાઈ વઘાસિયા પર પોલીસ કેસ થતાં હાલ જેલમાં છે જ્યારે ત્રીજા ધારાસભ્ય એનસીપીના અધ્યક્ષ જયંત પટેલ (બોક્સી)ની બેઠક નવા સીમાંકનમાં રદ થઈ છે.

જયંત પટેલ હવે ઉમરેઠની બેઠક પરથી ચૂંટણી લડવા માંગે છે. ગત ચૂંટણીમાં કોંગ્રેસે ઉમરેઠની બેઠક પરથી વિજય મેળવ્યો હતો. અને કોંગ્રેસના ધારાસભ્ય લાલસિંહ વાડોદીયાનું આ વિસ્તારમાં સારું એવું વર્ચસ્વ છે એટલે કોંગ્રેસ એનસીપીને ઉમરેઠની બેઠક આપવા માગતી નથી. તથા ગોંડલની બેઠક એનસીપીને ન આપવા ત્યાંના સ્થાનિક અગ્રણીઓનું દબાણ છે. જ્યારે કુતિયાણા અને વાવની બેઠક એનસીપી કદાપી જીતી શકે નહીં એવું કોંગ્રેસના અગ્રણીઓ માની રહ્યા છે.

ધોતીકાંડ અને ગોધરાવાળીના કારણે ભાજપમાં બીજો બળવો થતાં રાજપાનો જન્મ થયો

સુરેશ મહેતાની સરકારનું પતન થયા પછી શંકરસિંહે બમણા જોરથી સત્તા હાંસલ કરી

ગુજરાતની ભૂમિના રાજા

- ગૌતમ પુરોહિત

જિલ્લા અને તાલુકાના વિભાજનનો સિમાચિન્હ નિર્ણય શંકરસિંહની દેન હતી મોટા શહેરોની હદ બાંધી દેવાનું તેમણે નક્કી કર્યુ પણ અમલ ન કરાવી શક્યા

ભાજપમાં ૧૯૯૫માં બળવાના રોપાયેલાં બીજ સુરેશ મહેતાની સરકાર વખતે પરિપક્વ થયાં હતા. એ વખતની ધોતીકાંડ સાથેની શ્રેણીબદ્ધ ઘટનાઓ અને શંકરસંહિ વાઘેલાને અસંતુષ્ટ સભ્યોનો મળતો જતો ટેકો તેમની મુખ્યમંત્રીપદની લાલસાને રોકી ન શક્યો.

તેમના દિલમાં લોકસભાની ચૂંટણીની કારમી હાર હતી. વીએચપીના સાધુ-સંતો અને ભાજપના નેતાઓએ તેમને ગોધરામાં પાર્ટીમાં શુદ્ધિકરણના બહાને હરાવ્યા હતા. જો તેઓ લોકસભામાં જતા રહ્યા હોત તો ગુજરાતમાં સુરેશ મહેતાની સરકાર કેશુભાઈના બાકીના વર્ષો પુરાં કરી શકી હોત... પણ શંકરસિંહના બળવા અને ખજૂરાહોકાંડને પાર્ટીના નેતાઓ ભૂલી શક્યા ન હતા. ગુજરાતની સરકારના ભોગે તેઓ ગોધરામાં મચી પડ્યા હતા...!!

તમામ અવરોધો અને અપમાનો સહન નહી થતાં શંકરસંહિ વાઘેલાએ ભાજપના ધારાસભ્યોના સંપર્કો શરૂ કરી દીધા હતા. સુરેશ મહેતાની સરકારમાં પણ તેમની આ -વૃત્તિ ચાલુ રહી હતી. એક એક કરતાં ૨૬ ધારાસભ્યોનો ટેકો તેમને મળ્યો, પરંતું સરકાર ઉથલાવવા ૪૭ ધારાસભ્યોનું સમર્થન તેમને જરૂરી હતું. ધીમે ધીમે તેમણે આ આંકડો પાર કરી દીધો અને એ દિવસ આવ્યો જે તેમની મહેચ્છાને મદદ કરતો હતો. ભાજપમાંથી ખજૂરિયા સંસ્કૃતિને ઉખાડી ફેંકવાના મનસૂબા જેમણે સેવ્યા હતા તેઓ પણ અચંબામાં પડી ગયા. પુરી તાકાત અને શક્તિના જોરે શંકરસિંહે ભાજપમાં ધારાસભ્યોની તોડફોડ કરી પોતાનો રાજ સંહિાસનનો માર્ગ કિલયર કર્યો.

ગુજરાતમાં જે કાંઇ બની રહ્યું હતું તેની ઉપર હાઇકમાન્ડની નજર હતી. હાઇકમાન્ડે એકાએક કાશીરામ રાણાને -દેશ -મુખપદેથી ઉતારી દીધાં. તેમની જગ્યાએ વજુભાઇ વાળાને -મુખપદ સોંપી દીધું. હાઇકમાન્ડે ભાજપના ઈન્ચાર્જ તરીકે કેશુભાઇ પટેલને મૂક્યાં. આ ફેરફારો ઓચાંતિા થયાં. ભાજપમાં રાષ્ટ્રીય અને -દેશના નેતાઓના અહંકારથી દાઝેલા શંકરસિંહ અન્યાય અને ઉપેક્ષાના કારણે સત્તા હસ્તગત કરવામાં ઉતાવળા બન્યા હતા. ઓગષ્ટમાં શંકરસિંહ વાઘેલાએ કેસરિયા કર્યા અને અમદાવાદમાં સુભાષબ્રિજના છેડે બોલાવેલા સંમેલનમાં હકડેઠઠ માનવ મેદની ઉમટી પડી અને તેમણે નવા પક્ષની જાહેરાત કરી દીધી. ગાંધીનગરની ગાદી સર કરવાનું તે એલાન હતું. હવે વિધાનસભામાં દાવ રમવાનો હતો. ૧૯મી સપ્ટેમ્બરે તખતો તૈયાર હતો. ભાજપ વિરૂદ્ધ તમામ પક્ષો પોતાની વ્યૂહરચનાનો નકશો દોરવામાં મચી પડ્યા હતા.

વિધાનસભામાં સુરેશ મહેતા વિશ્વાસનો મત લેતા હતા ત્યારે વિધાનસભામાં તોફાન થયું અને રાજયપાલના રિપોર્ટના ઈશારે ૧૦.૩૦ના સુમારે દિલ્હીથી મેસેજ આવ્યો કે વિધાનસભા સુષુક્ષાવસ્થામાં મૂકાઈ છે. એટલે કે સસ્પેન્ડેડ એનિમેશન ઓફ એસેમ્બલી. બસ, પરિસ્થિતિ સાવ બદલાઇ ગઇ. મુખ્યમંત્રી સુરેશ મહેતા બે હાથ જોડીને બહાર નિકળ્યા.

ગુજરાતમાં નવી સરકાર બને તેની વાટ જોવાતી હોય તેમ ટૂંકા સમય માટે રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું અને જયારે શંકરસંહિ વાઘેલાએ રાજયપાલ સમક્ષ ૪૭ ધારાસભ્યોના ટેકાવાળો નવી પાર્ટી રાષ્ટ્રીય જનતા પાર્ટીનો પત્ર આપ્યો કે તુરત જ ગુજરાતમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવી લેવામાં આવ્યું અને દિવાળી પહેલાં કોંગ્રેસના ટેકાથી શંકરસંહિ વાઘેલાની નવી રાજપા સરકારનું ગઠન થયું.

૨૩મી ઓક્ટોબર-૧૯૯૬ના રોજ ભાજપમાંથી જુદી પડેલી મહા ગુજરાત જનતા પાર્ટીએ કોંગ્રેસ પક્ષના ટેકાથી સરકાર રચી હતી અને આ દિવસે શંકરસિંહ વાઘેલાનો ૨૦મા મુખ્યમંત્રીપદે સોગંદવિધિ કરવામાં આવ્યો હતો. એ ઉલ્લેખનીય છે કે શંકરસિંહે પહેલાં મહાગુજરાત જનતા પાર્ટી રચી હતી જે પાછળથી રાષ્ટ્રીય જનતા પાર્ટી બની હતી. વાઘેલાનો મુખ્યમંત્રી તરીકેનો સયમગાળો લગભગ એક વર્ષનો જ રહ્યો હતો. તેમણે ૩૬૯ દિવસ શાસન કર્યું છે. શંકરસંહિના મંત્રીમંડળમાં ૧૬ મંત્રીઓ, દસ રાજયકક્ષાના મંત્રીઓ તથા સાત નાયબ મંત્રીઓ હતા.

શંકરસિંહ મુખ્યમંત્રી તો બની ગયા પણ વિધાનસભાની ચૂંટણી લડ્યા ન હતા. તેમણે લડવા માટે ગુજરાતની રાજપા જૂથના ધારાસભ્યોની તમામ બેઠકો અજમાવી જોઇ પણ કોઇએ બેઠક ખાલી ન કરી અને છેવટે રાધનપુરમાંથી અપક્ષ તરીકે ચૂંટાયેલા લવંગિજી સોલંકીએ બેઠક ખાલી કરી આપતાં તેઓ ત્યાંથી પેટા ચૂંટણી લડ્યા હતા અને ભાજપનો તીવ્ર -તિકાર છતાં ૧૫૦૦૦ની લીડ મેળવી હતી. રાધનપુરની પેટા ચૂંટણીમાં દિલ્હીથી નરેન્દ્ર મોદીનું ગુજરાતમાં આગમન થયું હતું અને હાઇકમાન્ડે તેમને છૂટો દોર આપી દીધો હતો.

શંકરસિંહ ખૂબ જ ઝડપી નિર્ણય લેતા હતા. તેમના સમયગાળામાં ચાલુ નોકરીએ અવસાન પામનાર કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે થોકબંધ નોકરીઓ આપવામાં આવી. તેમણે ગુજરાતને નવી દિશામાં લઈ જવા દેશના ટેકનોક્રેટ સામ પિત્રોડાનો ઉપયોગ કર્યો હતો.ઁ એજન્ડા ફોર ગુજરાત નામનો મુસદ્દો તેમણે બનાવ્યો હતો.

ગુજરાતના ૧૯ જિલ્લાઓ હતા તે વધારીને ૨૫ કરવાનું શ્રેય તેમની સરકારને જાય છે. જિલ્લા અને તાલુકાના વિભાજનો તેમણે રોકેટગતિએ કરી દીધાં હતા. અમદાવાદ જેવા મોટા શહેરોમાં વસતિ ગીચતાના કારણે શંકરસંહિ એક ફોર્મ્યુલા બનાવી હતી અને તે મુજબ મોટા શહેરોની હદ બાંધી દેવાનો નિર્ણય તેમણે લીધો હતો પરંતું અમલની ઘડી આવે તે પહેલાં તેઓએ સત્તા ગુમાવી હતી.

તેમની સરકારમાં ભ્રષ્ટાચારને વધારે મહત્વ મળતું હોવાના આક્ષેપો વિરોધપક્ષ ભાજપના સભ્યોએ કર્યા હતા. ખાસ કરીને વીજ મથકો અંગે એક ડોક્યુમેન્ટેશન તૈયાર કરવામાં આવ્યું હતું. જો કે શંકરસિંહ વાઘેલાએ ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ કરવા તેમના વખતના વિરોધપક્ષના નેતા સુરેશ મહેતાને ફાઇલો જોવા મુખ્યમંત્રીની ચેમ્બરમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું તે ઘટના અને જેમનો ટેકો લીધો હતો તે કોંગ્રેસ પક્ષના નેતા અમરસંહિ ચૌધરીની ચેમ્બર શંકરસિંહની ચેમ્બરની પાસે બનાવવાની ઘટના ગુજરાતના ઈતિહાસમાં નોંધપાત્ર હતી.

કેટલીક નિતી વિષયક અને રાજકીય બાબતોમાં કોંગ્રેસના નેતાઓમાં અસંતોષની માત્રા વધતાં શંકરસિંહની સરકાર સામે ખતરો ઉભો થયો હતો. કોંગ્રેસના -મુખ સીતારામ કેસરીએ અમદાવાદના મણિનગરમાં યોજેલી સભામાં ભ્રષ્ટાચારના આક્ષેપો કરીને શંકરસિંહની સરકારને આપેલો ટેકો પાછો ખેંચી લેવાની ધમકી ઉચ્ચારી હતી અને તે પછી શંકરસિંહની સરકારમાં કાઉન્ટ ડાઉન શરૂ થયું હતું અંતે કોંગ્રેસપક્ષની કેન્દ્રીય નેતાગીરી સાથે તીવ્ર મતભેદ સર્જાતાં શંકરસિંહ વાઘેલાએ ૨૯મી ઓક્ટોબર-૧૯૯૭ના રોજ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું.

તેમના રાજીનામા પછી ૨૮મી ઓક્ટોબરે નવા મુખ્યમંત્રીપદે શંકરસિંહની સરકારના બીજા નંબરના મંત્રી દિલીપ પરીખની સોગંધવિધિ કરવામાં આવી હતી. આ વખતે મહેસૂલ મંત્રી આત્માારામ પટેલ મુખ્યમંત્રીના દાવેદાર હતા. તેમને ભાજપના નેતાઓએ કેશુભાઈના ઘરે બોલાવી એવું કહ્યું હતું કે તમને અમે સીએમ બનાવીએ છીએ, જો કે આ વાતની શંકરસિંહને ખબર પડી જતાં તેમની પાર્ટીના નેતાઓમાં આંતરિક ફાટ પડી ગઇ હતી. વિધાનસભાના માજી સેક્રેટરી વિનોદ દવે તેમના પુસ્તક વિધાનસભાના અંતરંગમાં નોંધે છે કે ગુજરાતમાં જે પણ નેતા લડીને મુખ્યમંત્રીની ગાદીએ બેઠા છે તેઓ તેમની ગાદી લાંબો સમય સાચવી શકયા નથી. બળવંતરાય મહેતા, ચીમનભાઈ પટેલ તથા શંકરસિંહ વાઘેલા તેનું ઉદાહરણ છે. (ક્રમશઃ)